પરમકૃપાળુ ! દીનદયાળુ, જીવનનાં આધાર વંદુ, સચરાચર, જગદીશ્વર, ઘટઘટમાં વસનાર વંદુ..

રાજ્યમાં વધુ ૬૧૫ નવા કેસ : અમદાવાદમાં ૨૧૧ : ગાંધીનગરમાં ૧૨

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૯ | ૨૮ જુન, ૨૦૨૦, રવિવાર; અષાઢ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ચીન સામે લડવા ભારત સજ્જ

લદ્દાખમાં લગાવાશે ૧૩૪ સેટેલાઇટ ફોન ટર્મિનલ : જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં કનેક્ટિવિટી સુધારવા પાછળ રૂ. ૩૬૬.૮૯ કરોડનો ખર્ચ કરાશે

ન્યુ દિલ્હી,તા.૨૭

લદ્દાખમાં ભારતીય સેના ચીનની દરેક ચાલનો જવાબ આપવા માટે તૈયાર છે. જેથી જો ચીન કોઇ પણ પ્રકારની હરકત કરવાનો પ્રયાસ કરશે તો તેને પાઠ ભણાવી શકાય. ભારતની તૈયારીઓ માત્ર ગોલાબારૂદ અને હથિયારોની તૈનાતીથી જ નથી થઇ રહી.

ભારત હવે લદ્દાખમાં સરહદનાં તમામ વિસ્તારોને કનેક્ટ કરવા, ત્યાં સંચારનાં માધ્યમોને ચુસ્ત-દુરસ્ત કરવામાં જોડાયેલ છે. ભારતની આ મુહિમ પણ સૈન્ય તૈયારી જેવી જ છે. લદ્દાખનાં સીમાવર્તી ગામડાંઓમાં સંચાર સુવિધાને વધારે મજબૂત કરવામાં કેન્દ્ર સરકારે નવો પ્લાન તૈયાર કર્યો છે. સરકારે લદ્દાખમાં ૧૩૪ ડિજિટલ સેટેલાઇટ ફોન ટર્મિનલ સ્થાપિત કરવાની યોજના બનાવવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં કનેક્ટિવિટી પર ૩૩૬.૮૯ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. જો માત્ર

● અનુસંધાન પાન-૭ પર

એન્ટિ ટોર્પિડો મિસાઈલ સિસ્ટમ 'મારીચ' યુદ્ધ કાફલામાં સામેલ

'મારીચ' એ સ્વદેશી સંરક્ષણ તકનીકના વિકાસની દિશામાં નૌસેના અને ડીઆરડીઓના સંયુક્ત સંકલ્પનું સાક્ષી : ભારતીય નૌસેનાની તાકાતમાં ઉમેરો

ન્યુ દિલ્હી,તા.૨૭

ભારતીય નૌસેના દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ પ્રમાણે તેણે સ્વદેશ નિર્મિત અદ્યતન એન્ટી ટોર્પિડો મિસાઈલ સિસ્ટમ 'મારીચ'ને પોતાના કાફલામાં સામેલ કરી છે જે આગળના મોરચાના તમામ યુદ્ધ જહાજ પરથી તાકી શકાશે. આ મિસાઈલ સિસ્ટમ કોઈ પણ જાતના ટોર્પિડો હુમલાને નિષ્ફળ બનાવવામાં નૌસેનાની મદદ કરશે.

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) દ્વારા વિકસિત 'મારીચ' પ્રણાલી હુમલો કરનાર ટોર્પિડોને ઓળખીને તેને ભ્રમિત કરવા અને નષ્ટ કરવા સક્ષમ છે. નૌસેનાએ જણાવ્યું કે, નિર્દિષ્ટ નૌસેન્ય મંચ પર લગાવવામાં આવેલા આ પ્રણાલીના મોડેલે તમામ પ્રાયોગિક મૂલ્યાંકન પરીક્ષણ સફળતાપૂર્વક પાર કર્યું હતું અને નૌસૈન્ય સ્ટાફ માપદંડ આવશ્યકતાઓને અનુરૂપ તમામ

● અનુસંધાન પાન-૭ પર

૩૧ વર્ષ બાદ હિજબુલ આંતકીઓથી મુક્ત થયું ત્રાલ

ત્રાલ,તા.૨૭

જમ્મુ કાશ્મીરમાં ભારતીય સુરક્ષાબળોની અદ્ભભૂત કામગીરીના કારણે આંતકવાદીઓની રાતા પાણીએ રોવાનો વખત આવ્યો છે. ભારતીય સુરક્ષાબળોનો એક પછી એક આંતકવાદીઓનો ખાતમો બોલાવીને આંતકીવાદીઓનો ગઢ કહેવાતા દક્ષિણ કાશ્મીરના પુલવામા સેક્ટરને આંતકીઓથી મુક્ત કર્યો છે. તમને જણાવી દઈએ ગત થોડા દિવસોથી જે રીતે ભારતીય સુરક્ષાબળોએ આંતકીઓને મોતને ઘાટ ઉતાર્યા છે તેનાથી કાશ્મીરના ત્રાલ ક્ષેત્ર હવે હિજબુલ મુઝાહિદીનનો એક પણ સક્રિય આતંકવાદી નથી બચ્યો.

જમ્મુ કાશ્મીર પોલીસે ગુરુવારે ત્રાલ સેક્ટરમાં ત્રણ આંતકવાદીઓને મારવાનો દાવો કર્યો હતો. જે પછી દાયકા પછી આ ક્ષેત્રમાં હિજબુલ મુઝાહિદીની કોઇ ઉપસ્થિતિ નથી રહી. દક્ષિણ કાશ્મીરના પુલવામા સેક્ટરમાં એક સમયે આંતકીઓનો ગઢ હતો. અહીં ત્રાલના આતંકી કમાન્ડર બુરહાન વાની અને

● અનુસંધાન પાન-૭ પર

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૯૯૮૦૬૭૩	૪૯૮૬૨૧	૫૩૧૨૪૨૧
ભારત	૫૨૭૭૩૮	૧૬૦૮૮	૩૦૮૯૨૮
ગુજરાત	૩૦૭૭૪	૧૭૯૦	૨૨૪૧૭
ગાંધીનગર	૬૭૯	૩૫	૪૪૩

ભારતમાં કોરોના બેફામ : ૧૮૫૫૨ નવા દર્દીઓ

દેશમાં ટેસ્ટિંગ વધતાની સાથે જ ૬ દિવસમાં એક લાખ દર્દી નોંધાયા : ૩૯ દિવસોમાં ૪ લાખ ચેપગ્રસ્તો ઉમેરાયા : છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૪નાં મોત : દેશમાં કુલ મૃત્યુ આંક ૧૫,૬૮૫

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં કોરોના વાયરસનો કહેર ઝડપભેર આગળ ધપી રહ્યો છે. વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના સૌથી વધુ ૧૮,૫૫૨ નવા દર્દીઓ નોંધાયા છે. તેની સાથે ભારતમાં કોરોનાના કુલ ચેપગ્રસ્તોની સંખ્યા ૫,૦૮,૯૫૩ પર પહોંચી છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા શનિવારે સવારે જારી કરાયેલા આંકડા મુજબ ભારતમાં વિતેલાં ૨૪ કલાકમાં ખતરનાક વાયરસથી ૩૮૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. તેની સાથે રાહતની વાત એ છે કે ૨,૯૫,૮૮૧ લોકો સાજા થઈ ચૂક્યા છે. એથી રિકવરીનો રેટ ૫૮.૧૩ ટકા પર પહોંચ્યો છે. ચેપગ્રસ્તોની સંખ્યા વધવાની સાથે દેશમાં ટેસ્ટીંગમાં પણ વધારો થયો છે. ૨૬મી જૂને એક દિવસમાં સૌથી વધુ ૨,૨૦,૪૭૯ સેમ્પલની તપાસ કરાઈ હતી. તેની સાથે દેશભરમાં કુલ ૭૯,૯૬,૭૦૭ સેમ્પલોની તપાસ થઈ ચૂકી છે. હાલ પોઝીટીવિટી રેટ ૮.૪૧ ટકા છે.

ભારતમાં કોરોનાના દર્દીઓને સંખ્યા ૫ લાખ પર પહોંચતા ૧૪૯ દિવસનો સમય લાગ્યો છે. પરંતુ લોકડાઉનમાં રાહતો બાદના સમયમાં ચેપગ્રસ્તોની સંખ્યામાં ભારે વધારો થયો હતો. એથી જ માત્ર ૩૯ દિવસોમાં જ કોરોનાના ૪ લાખ કેસો સામે આવ્યા છે. ભારતમાં ૨૧મી જૂને કોરોનાના કેસોની સંખ્યા વધીને ૪,૧૦,૫૬૧ પર પહોંચી હતી. હવે ૨૭મી જૂને આ આંકડો ૫,૦૮,૯૫૩ પર પહોંચી ચૂક્યો છે. મહામારીના પ્રકોપનો અત્યાર સુધીમાં ૧૮૮ દેશોમાં ફેલાઈ ચૂક્યો છે. દુનિયાભરમાં ૨૭મી જૂને સવારે સુધીમાં કુલ કેસોની સંખ્યા ૯૭,૯૭,૨૨૬ પર પહોંચી ચૂકી છે. જ્યારે કુલ મૃત્યુ આંક ૪,૯૪,૦૫૮નો છે. ૪૩,૬૦,૫૩૨ દર્દીઓની સારવાર જારી છે, તો ૪૯,૪૨,૬૩૬ લોકો વાયરસને મ્હાત કરી ચૂક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- હવે રાજ્યમાં ફોર વ્હીલરમાં માત્ર એક જ વ્યક્તિ હોય તો માસ્ક પહેરવામાંથી મુક્તિ જાહેર કરાઈ છે.
- કર્ણાટકમાં દર રવિવારે સંપૂર્ણ લોકડાઉન રાખવાનો નિર્ણય.
- દેશમાં ૧૫મી જુલાઈ સુધીમાં ૯ લાખ ૨૫ હજાર કોરોના કેસ હશે એમ કોવિડ સ્ટડી ગ્રૂપ દ્વારા જાહેર કરાયું.
- કચ્છમાં ભારતીય લશ્કરના ૧૧ જવાનોને કોરોના પોઝિટિવ.
- જમ્મ-કાશ્મીરમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો.
- પાકિસ્તાન દ્વારા ૨૯મી જૂનથી કરતારપુર કોરિડોર ખોલવામાં આવશે.
- નવી મુંબઈમાં ફરી એકવાર લાગુ થશે એક અઠવાડિયાનું લોકડાઉન
- રાજસ્થાનથી ૬૦ લાખ જેટલા તીડનું ઝૂંડ ફરીદાબાદ પહોંચ્યું, પાનીપતમાં પણ એલર્ટ
- ૩.૪૬ રૂપિયાની બેંક લોન ચુકવવા ખેડૂત ૧૫ કિમી ચાલીને ગયો...!!!!
- ગાંધીનગરથી વ્યારા ગયેલ વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો.

દેશમાં ૭ વર્ષ બાદ ચોમાસાનું ૧૨ દિવસ પહેલાં આગમન

મોનસૂન એક જૂનથી કેરલ પહોંચે છે અને તેને પશ્ચિમી રાજસ્થાનના શ્રીગંગાનગર પહોંચવામાં ૪૫ દિવસ લાગે

નવી દિલ્હી, તા. ૨૭

મોનસૂન પોતાની નિર્ધારિત સામાન્ય તારીખથી ૧૨ દિવસ પહેલાં શુક્રવારે આખા ભારતમાં પહોંચી ગયું છે. જેના લીધે દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થયો છે. આ દરમિયાન ઉત્તર પ્રદેશ અને ઝારખંડમાં વિજળી પડવાની ઘટનાઓમાં ૧૦ લોકોના મોત થયા છે. ભારત હવામાન વિભાગે પોતાની વિશેષ દૈનિક હવામન રિપોર્ટમાં કહ્યું કે 'દક્ષિણ-પશ્ચિમ મોનસૂન રાજસ્થાન, હરિયાણા અને પંજાબના બાકી ભાગોમાં આગળ વધી રહ્યું છે અને શુક્રવારે આખા દેશમાં પહોંચી જશે. આઈએમડીના મહાનિર્દેશક મૃત્યંજય મહાપાત્રાએ કહ્યું કે ૨૦૧૩ બાદ મોનસૂન આ વર્ષે જેટલી ઝડપથી દેશમાં છવાયું છે. ૨૦૧૩માં મોનસૂન ૧૬ જૂનના રોજ દેશમાં પહોંચી ગયું હતું. તે સમયે ઉત્તરાખંડમાં ભીષણ પૂર આવ્યું હતું.

હવામાન વિભાગે શુક્રવારે સાંજે પાંચ વગે એક બુલેટીનમાં કહ્યું કે, ગત ૨૪ કલાક દરમિયાન ઉત્તર-પૂર્વ રાજસ્થાનની ઉપર ક્ષોભમંડળના નિચલા સ્તરો પર ચક્રવાત સાથે પશ્ચિમ રાજસ્થાન અને નજીકના પંજાબ અને હરિયાણા રાજ્યોમાં ઘણા સ્થળોએ વરસાદ થયો છે. બંગાળની ખાડીમાં ઓછા દબાણનું ક્ષેત્ર જે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ તરફ વધ્યું અને મધ્ય ભારતની ઉપરથી મોનસૂન આગળ વધવામાં મદદ મળશે. મોનસૂન સામાન્ય રીતે એક જૂનથી કેરલ પહોંચે છે અને

● અનુસંધાન પાન-૭ પર

વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણી અહેમદ પટેલની ઈડી દ્વારા સઘન પુછપરછ

સાંડેસરા કેસમાં ઈડીએ અહેમદ પટેલની પૂછપરછ માટે નવી દિલ્હીમાં નેતાના નિવાસ્થાને ઈડીની ટીમ પહોંચી

નવી દિલ્હી, તા. ૨૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ શનિવારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલના નવી દિલ્હી સ્થિત નિવાસ સ્થાને પહોંચી હતી અને સાંડેસરા બંધુઓ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ કરી હતી. ઈડીના ત્રણ સભ્યોની ટીમ અહેમદ પટેલના મધ્ય દિલ્હીના નિવાસ સ્થાન ૨૩, મધર ટેરેસા ક્રેસેન્ટ ખાતે પહોંચ્યા હતા અને મની લોન્ડરિંગ કાયદા હેઠળ કોંગ્રેસના વરિષ્ઠ નેતાનું નિવેદન નોંધ્યું હતું.

અગાઉ ઈડીએ બે વખત અહેમદ પટેલને સમન્સ પાઠવ્યું હતું પરંતુ ગુજરાતના રાજ્યસભાના સાંસદ પટેલે કોરોના મહામારીનું કારણ આપી સરકારની ગાઈડલાઈન મુજબ સીનિયર સીટિઝનને બહાર નહીં નિકળવાનું કારણ આપ્યું હતું. ઈડીએ તેમની આ રજૂઆતને માન્ય રાખી હતી અને તપાસ ટીમને તેમના ઘરે મોકલી આપવા જણાવ્યું હતું. ગુજરાતની સ્ટર્લિંગ બાયોટેક કંપનીના માલિકો સાંડસેરા બંધુઓ ચેતન અને નીતિન તેમજ અન્યો દ્વારા બેન્ક લોનમાં આચરેલા મની લોન્ડરિંગ કૌભાંડના કેસમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાની પૂછપરછ કરવામાં આવી રહી છે.

ઈંધણના ભાવ બેકાબૂ

સતત ૨૧મા દિવસે પેટ્રોલમાં ૨૫ પૈસા, ડિઝલનાં ભાવમાં ૨૧ પૈસાનો વધારો : કેન્દ્ર પેટ્રોલ-ડીઝલના ભાવવધારાથી વાર્ષિક બે લાખ કરોડની રેવન્યુ એકત્ર કરશે

નવી દિલ્હી, તા. ૨૭

દેશમાં પેટ્રોલના ભાવમાં શનિવારે પ્રતિ લીટર ૨૫ પૈસા અને ડીઝલના ભાવમાં ૨૧ પૈસાના વધારો કરવામાં આવ્યા છે. આ સાથે છેલ્લા ૨૧ દિવસમાં પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં હમણાં સુધી ક્રમશ ૯.૧૨ અને ૧૧.૦૧ રુપિયાનો વધારો થયો છે. પેટ્રોલિયમ વિતરણ કંપનીઓની સત્તાવાર ભાવવધારની જાહેરાત અનુસાર દિલ્હીમાં પેટ્રોલ ૮૦.૧૩ રુપિયા પ્રતિ લીટરથી વધીને ૮૦.૩૮ રુપિયા પ્રતિ લીટર થઈ ગયું છે. જ્યારે ડીઝલના ભાવ ૮૦.૧૯ રુપિયાથી વધીને ૮૦.૪૦ રુપિયા પ્રતિ લીટર થયું છે. મુંબઈમાં પેટ્રોલના ભાવ ૮૬.૯૧ રુપિયા પ્રતિ લીટરથી વધીને ૮૭.૧૪ રુપિયા પ્રતિ લીટર અને ડીઝલના ભાવ ૭૮.૫૧ રુપિયાથી વધીને ૭૮.૭૧ રુપિયા પ્રતિ લીટર થઈ ગયા છે. એક તરફ ડીઝલના ભાવમાં સતત ૨૧મા દિવસે વધારો થયો છે, જ્યારે પેટ્રોલના ભાવ છેલ્લા ૨૧ દિવસમાં ૨૦ વાર વધ્યા છે.

કોરોના સામેના જંગમાં ભારતની સ્થિતિ સારી : મોદી

ડો.જોસફ માર થોમા મેટ્રોપોલિટનની ૯૦મી જન્મજયંતિ સમારોહનું ઉદ્ઘાટન ભાષણ કર્યું

ન્યુ દિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જયંતી સમારોહમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉદ્ઘાટન ભાષણ

શનિવારે ડૉ. જોસેફ માર થોમા મેટ્રોપોલિટનની ૯૦ મી જન્મ આપ્યુ. ભારત અને વિદેશથી માર થોમા ચર્ચના કેટલાક અનુયાયીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો. પોતાના સંબોધનમાં તેમણે કહ્યુ કે દુનિયા અત્યારે વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ વિરૂદ્ધ એક મજબૂત લડત લડી રહી છે. કોવિડ-૧૯ માત્ર એક શારીરિક બીમારી નથી કે જે લોકોના જીવન માટે જોખમ છે પરંતુ આ આપણુ ધ્યાન અસ્વસ્થ જીવન-શૈલીઓ તરફ પણ લઈ જાય છે.

વડાપ્રધાને કહ્યુ, આપને એ જાણીને ખુશી થશે કે આપણા કોરોના યોદ્ધાઓની મદદથી ભારત મજબૂતીથી કોવિડ-૧૯ સામે લડી રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં કેટલાક લોકોએ ભવિષ્યવાણી કરી હતી કે

● અનુસંધાન પાન-૭ પર